સરદાર પટેલ સહભાગી જળ સંચય
યોજનાના અમલ બાબત (ત્રીજો તબક્કો)

ગુજરાત સરકાર,
નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
ઠરાવ ક્રમાંક : સીડીએમ/૧૦૯૭/૪૮૬(૪)/આઈ/પાર્ટ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૩ માર્ચ ૨૦૦૩

સંદર્ભ :- (૧) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા- ૨૧-૦૫-૧૯૯૭ નો પરિપત્ર ક્રમાંક:-સીડીએમ-૧૦૯૭-૪૮૬-ક.૨

(૨) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા - ૦૭-૦૭-૧૯૯૭ નો પરિપત્ર ક્રમાંક:-સીડીએમ-૧૦૯૯-સી.એમ.૫૦-ક.૨

(૩) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા- ૦૬-૦૮-૧૯૯૭ નો પરિપત્ર ક્રમાંક:-પરચ-૧૦૯૭-૭-ક.૨

(૪) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા - ૧૭-૦૧-૨૦૦૦ નો પરિપત્ર ક્રમાંક:-સીડીએમ-૧૦૯૭-૪૮૬-ક.૨

(૫) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા - ૧૯-૦૨-૨૦૦૧ નો પરિપત્રક્રમાંક:- સીડીએમ-૧૦૯૭-૪૮૬- આઈ.

(૬) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા - ૨૦-૬-૨૦૦૨ નો પરિપત્ર ક્રમાંક:- પરચ-૨૦૦૧-૩૫-ધાસ-૧૦૬-આઈ

(૭)નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા - ૨૬-૯-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક - સીડીએમ-૧૦૯૭-૪૮૬- આઈ.

**પૂર્વભૂમિકા:**

સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના વિસ્તારમાં સરકાર અને પ્રજાના સહયોગથી જળ સંચય માટે ચેકડેમના કામો સંદર્ભ-૪ માં દર્શાવેલા સરકારશ્રીના તારીખ ૧૭-૦૧-૨૦૦૦ ના ઠરાવથી સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ ૬૦ % સરકારી ફાળા તથા

૪૦ % લોકફાળાથી અમલમાં મૂકાયેલ છે. આ યોજનાને પ્રજા તરફથી અભૂતપુર્વ પ્રતિસાદ મળેલ છે. આ યોજનામાં અત્યાર સુધીમાં ૨૦,૦૦૦ કરતાં વધુ ચેકડેમના કામો થયેલા છે.

રાજયના ખેડુતોના લોકજુથોની માંગણીઓ અને તેમની જરૂરીયાતને ધ્યાને રાખી રાજય સરકારે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ત્રીજા તબકકામાં હાથ ધરવાનું આયોજન કરેલ છે. અગાઉના તબકકામાં આ યોજના હેઠળ હાથ ધરેલ કામગીરીમાંથી સરકારશ્રીને મળેલ અનુભવ, પ્રાયોજકોની બાંધકામ માટેની આવડત અને તેમને સાંપડેલ અનુભવ વગેરે બાબતોને લક્ષમાં લઈ આ યોજનાના ત્રીજા તબકકામાં ચેકડેમની સ્થળપસંદગી, આલેખન, મંજુરીની વહીવટી પ્રક્રીયા, બાંધકામ, અને તેની ગુણવત્તાની ચકાસણી વગેરે બાબતમાં કેટલાંક ફેરફારો કરવાં ઉચિત જણાવાથી બાંધકામની સરળતા તથા ખર્ચમાં ઘટડો કરી શકાય તેમ હોવાથી કેટલાંક ફેરફારો વિભાગના સંદર્ભ - ૭ માં દર્શાવેલ ઠરાવ માં કરવામાં આવેલ. આ ઠરાવની પ્રસિધ્ધિ બાદ કેટલાંક મા. ધારાસભ્યશ્રીઓ, અન્ય લોકપ્રતિનિધિઓ, વિભાગનાં મુ.ઈ.શ્રીઓ તથા વિભાગનાં ક્ષેત્રિય અધિકારીઓ તરફથી અભિપ્રાય વ્યક્ત કરવામાં આવેલ કે બીજા તબક્કાની આલેખનની કામગીરી પ્રમાણે કોંક્રીટમાં ચેકડેમ બનાવવાની અનૂકૂળતા કેટલાંક સ્થાનોએ વધુ છે કારણ કે આવાં સ્થાનોએ આવશયક ગુણવત્તાના પથ્થર નજીકથી ઉપલબ્ધ થતાં નથી તથા પથ્થરનું કામ કરનાર કારીગરો પણ મળી શકતાં નથી. તદુપરાંત ખેડૂતો જાતે પથ્થરનું ચણતર કરી શકે તે પ્રકારનો તેમનો અનુભવ પણ નથી. આ સંજોગોમાં પથ્થરનું ચણતર અને તેની આસપાસ કોંક્રીટનું ૨૦ સે.મી. જાડું કવર બનાવવાની જોગવાઈ ફરજીયાત સમગ્ર રાજ્યમાં લાગુ કરવાથી કામગીરીની સ્વીકાર્યતા પર અસર પડી શકે છે. આ બધાં જ સંજોગો ધ્યાનમાં રાખી પુખ્ત વિચારણાના અંતે વિભાગનાં સંદર્ભ - ૭ માં દર્શાવેલ ઠરાવમાં નીચે મુજબ સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

વિભાગના સંદર્ભ - ૭ માં દર્શાવેલ ઠરાવમાં નિર્દિષ્ટ જોગવાઈઓ (ક) આલેખન અને (ડ) બાંધકામ, મરામત અને ગુણવત્તા લાગુ કરવાનાં રહેશે પરંતુ જે સ્થાનોએ ચેકડેમની અંદાજીત કિંમતના આધારે કોંક્રીટમાં બીજા તબક્કામાં નિર્દિષ્ટ કામગીરી પ્રમાણે કામ કરવાથી કિંમત ઓછી થઈ શકે તેમ હોય અથવા સ્થાનિક સંજોગો પ્રમાણે કોંક્રીટમાં કામગીરી કરવી વધુ અનુકૂળ જણાતી હોય તો તેમ કરવા અંગેનો નિર્ણય સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી લઈ શકશે. વિભાગનાં સંદર્ભ - ૭ નાં ઠરાવની તમામ જોગવાઈઓ યથાવત્ રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

V. P. Kapadia

( વી.પી.કાપડીયા )
ઉપ સચિવ,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (સિંચાઈ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ, રાજયકક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા ગાંધીનગર.
- ગુજરાત રાજયના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ.
- સર્વે સંસદ સભ્યશ્રીઓ.

- સર્વે ધારાસભ્યશ્રીઓ, ગુજરાત રાજ્ય.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો.
- સચિવશ્રી, નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર.
- નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ.
- નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ.
- નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ.
- રાજ્યના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- રાજ્યના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.

જા.નં.: પી-૩/અ.પ.જ.સં.યો/ ૨૭૬૦ /2003

તા. 15 MAR 2003

નકલ રવાના પ્રતિ, કાર્યપાલક ઈજનેરશ્રી,

(૧) અમદાવાદ સિંચાઈ વિભાગ, અમદાવાદ (૨) યોજના બાંધકામ વિભાગ નં.-૧, હિંમતનગર તરફ જાણ સારુ તથા જરૂરી કાર્યવાહી સારુ.